537

**જીસ્વાનથી**

ક્રમાંક: જી-૧/સુ૪વ્ય/ટે. ૧/પીએસએ/૯૮૩/૧૦
**પોલીસ મહાનિદેશક અને**
**મુખ્ય પોલીસ અધિકારીની કચેરી,**
ગુજરાત રાજય,પોલીસ ભવન, સેકટર-૧૮,
ગાંધીનગર-૩૮૨ ૦૧૮
તા. ૩ /૫/૨૦૧૦

**પરિપત્રઃ** ૯

**વિષયઃ** પ્રાયવેટ સિકયુરીટી એજન્સીજ (રેગ્યુલેશન) એકટ-૨૦૦૫ અને પ્રાયવેટ સિકયુરીટી એજન્સીજ રૂલ્સ ૨૦૦૭ ની જોગવાઇઓ મુજબ કાર્યવાહી કરવા બાબત.

અત્રેની કચેરીમાંથી પ્રાયવેટ સિકયુરીટી એજન્સી (રેગ્યુલેશન) એકટ-૨૦૦૫ અને પ્રાયવેટ સિકયુરીટી એજન્સી રૂલ્સ ૨૦૦૭ મુજબ **૪૮૮** પ્રાયવેટ સિકયુરીટી એજન્સીઓને અલગ અલગ જીલ્લાઓમાં પ્રાયવેટ સિકયુરીટી એજન્સી તરીકે કાર્યરત થવા માટે લાયસન્સ આપવામાં આવેલ છે. હાલમાં એકટની જોગવાઇઓ મુજબ કન્ટ્રોલિંગ ઓથોરીટી (લાયસન્સીંગ ઓથોરીટી) અધિક પોલીસ મહાનિદેશકશ્રી (કાયદો અને વ્યવસ્થા) છે.

૨. એકટ અને રૂલ્સની જોગવાઇઓ મુજબ પ્રાયવેટ સિકયુરીટી એજન્સીજ ઉપર પોલીસ કમિશનરશ્રી/પોલીસ અધીક્ષકશ્રીએ દેખરેખ રાખવાની રહે છે અને જોગવાઇઓનો ભંગ થયેથી કાયદેસર પગલાં લેવા તેમજ લાયસન્સ સસ્પેન્ડ/કેન્સલ કરાવવા માટે કાર્યવાહી કરવાની રહે છે.

૩. એકટ અને રૂલ્સની તમામ જોગવાઇઓ પરવાનાધારક ઉપર બંધનકર્તા છે. તે ઉપરાંત કેટલીક વધારાની જોગવાઇઓ લાયસન્સની શરતો તરીકે અત્રેથી મૂકવામાં આવે છે જે જોગવાઇઓનો પણ અમલ કરવા પરવાનાધારક બંધાયેલા છે.

૪. એકટ, રૂલ્સ અને લાયસન્સની મુખ્ય મુખ્ય જોગવાઇઓ નીચે મુજબ છે. જેનો સખતપણે અમલ કરાવવા અને ભંગ થયેથી કાયદેસર પગલાં લેવા સૂચના છે તેમજ લાયસન્સ સસ્પેન્ડ/કેન્સલ કરાવવા માટે યોગ્ય કેસોમાં દરખાસ્ત કરવા સૂચના છે.

(i) એકટની કલમ-૯ (૧) ની જોગવાઇ મુજબ, લાયસન્સ મળેથી ૬ **માસની અંદર** પ્રાયવેટ સિકયુરીટી એજન્સીની વ્યવસાયિક કામગીરી ફરજીયાતપણે શરૂ કરવાની રહેશે.

(ii) નિયમાવલીના નિયમ-૧૦ (૨) મુજબ, લાયસન્સ મળેથી ૧૫ દિવસની અંદર પ્રાયવેટ સિકયુરીટી એજન્સી ચલાવવામાં લાયસન્સદારની સાથે જોડાયેલ તમામ વ્યકિતઓના નામ, પિતાનું નામ, જન્મ તારીખ, કાયમી સરનામું, પત્ર વ્યવહારનું

સરનામું અને મુખ્ય વ્યવસાયની જાણ કન્ટ્રોલિંગ ઓથોરીટી અને સંબંધકર્તા પોલીસ કમિશનરશ્રી/પોલીસ અધિક્ષકશ્રીને કરવાની રહેશે.

(iii) નિયમ-૧૦ (૩) મુજબ, પ્રાયવેટ સિકયુરીટી એજન્સી ચલાવનાર વ્યકિતઓના સરનામામાં કે પ્રાયવેટ સિકયુરીટી એજન્સીના મેનેજમેન્ટમાં કોઇપણ પરિવર્તન થાય તો, તેની જાણ કન્ટ્રોલિંગ ઓથોરીટી અને સંબંધકર્તા પોલીસ કમિશનરશ્રી/પોલીસ અધિક્ષકશ્રીને દિવસ-૭ માં કરવાની રહેશે.

(iv) નિયમ-૧૦ (૪) મુજબ, પ્રાયવેટ સિકયુરીટી એજન્સીના મેનેજમેન્ટ સાથે સંકળાયેલ વ્યકિતઓની વિરુધ્ધ કે કોઇ સિકયુરીટી ગાર્ડ/સુપરવાઇઝર સામે કોઇ ફોજદારી ગુનો દાખલ થાય તો તેની જાણ તરત જ કન્ટ્રોલીંગ ઓથોરીટી અને સંબંધકર્તા પોલીસ કમિશનરશ્રી/પોલીસ અધિક્ષકશ્રીને અને સંબંધિતના રહેઠાણના વિસ્તારના પોલીસ સ્ટેશનને કરવાની રહેશે.

(v) સિકયુરીટી સ્ટાફના અધિકારીઓ અને કર્મચારીઓની નિમણૂક માટે સ્થાનિક પોલીસ વેરીફીકેશન ઉપરાંત વતનના જીલ્લાના પોલીસ વેરીફીકેશન પણ કરવાના રહેશે.

(vi) નિર્દિષ્ટ કરાયેલ અભ્યાસક્રમ મુજબની તાલીમ સફળતાપૂર્વક પૂર્ણ કરનાર સિકયુરીટી ગાર્ડ/સુપરવાઈઝરોની યાદી ( પૂરૂ નામ, તાલીમના દિવસો અને વિષયવાર તાલીમના કલાકોની વિગત સહિત ) કન્ટ્રોલિંગ ઓથોરીટી અને પોલીસ કમિશનરશ્રી/પોલીસ અધીક્ષકશ્રીને પુરી પાડવાની રહેશે.

(vii) કલમ-૯ (૩) અને નિયમ-૭ ની વિગતે, લાયસન્સ મળેથી દિવસ-૬૦ ની અંદર નિર્દિષ્ટ કરેલ સંખ્યામાં સુપરવાઈઝરો રાખવાના રહેશે.

(viii) સિકયુરીટી ગાર્ડ/સુપરવાઈઝર તરીકે તેજ વ્યકિતઓને રાખી શકાશે કે જેઓ કલમ-૧૦ અને નિયમ-૬ ની શરતો/જોગવાઇઓ પરિપૂર્ણ કરતા હોય, દરેક સિકયુરીટી ગાર્ડની દર ૧૨-માસે દાકતરી તપાસણી કરાવી, તેઓ નિયમ-૬ થી નિર્દિષ્ટ થયેલ શારીરિક માપદંડ ધરાવે છે, તેની ખાતરી પણ કરવાની રહેશે.

(ix) કલમ-૧૫ અને નિયમ-૧૪ થી નિર્દિષ્ટ કરેલ રજીસ્ટરો અધતન રીતે નિભાવવાના રહેશે.

(x) કલમ-૧૭ અને નિયમ-૧૫ ની વિગતે, દરેક સિકયુરીટી ગાર્ડ/સુપરવાઈઝરને તેમની ઓળખ માટે ફોટો આઇડેન્ટી કાર્ડ આપવાનું રહેશે.

(xi) સિકયુરીટી ગાર્ડ/સુપરવાઈઝરની યુનિફોર્મ નિયમ-૧૬ સાથે સુસંગત હોય અને કલમ-૨૧ નો ભંગ ન કરે, તે જોવાનું રહેશે.

(xii) દરેક સિકયુરીટી ગાર્ડ/સુપરવાઈઝર પાસેથી નિયમ-૪ (૨) થી નિર્દિષ્ટ કર્યા મુજબ ફોર્મ-II માં વિગતો મેળવવાની રહેશે અને દરેકના ચારિત્ર્ય અને પૂર્વ ઇતિહાસની ખરાઇ નિયમ-૪ (૧) થી નિર્દિષ્ટ પધ્ધતિથી કરવાની/કરાવવાની રહેશે, પોલીસ વેરીફીકેશન રીપોર્ટ અસલમાં જે તે પોલીસ કમિશનરશ્રી/પોલીસ અધિક્ષકશ્રીને રજૂ કરવાના રહેશે, દર ત્રણ વર્ષે પોલીસ વેરીફીકેશન કરાવવાના રહેશે.

(xiii) કલમ-૧૨ મુજબ, પ્રાયવેટ સિકયુરીટી એજન્સીની ઓફિસે અત્રેથી અપાયેલ અસલ લાયસન્સ કે તેની નકલ, સરળતાથી જોઇ શકાય તેવી જગ્યાએ પ્રદર્શિત કરી રાખવાની રહેશે.

(xiv) નિયમ-૧૬ (૧) મુજબ, કોઇપણ સિકયુરીટી ગાર્ડ/સુપરવાઈઝર નોકરી છોડે તો તેની જાણ ૪૮ કલાકની અંદર લેખિતમાં સંબંધિત પોલીસ કમિશનર/પોલીસ અધીક્ષક અને કન્ટ્રોલિંગ ઓથોરીટીને કરવાની રહેશે.

(xv) નિયમ-૧૭ (૨) મુજબ, કોઇપણ વ્યકિતને સિકયુરીટી ગાર્ડ/સુપરવાઇઝર તરીકે રાખવામાં આવે તો તેની જાણ ૪૮ કલાકની અંદર કન્ટ્રોલિંગ ઓથોરીટી અને સંબંધકર્તા પોલીસ કમિશનરશ્રી/ પોલીસ અધિક્ષકશ્રીને કરવાની રહેશે.

(xvi) પ્રાઇવેટ સિકયુરીટી ગાર્ડ/સુપરવાઈઝર તરીકે, કાયદાની કલમ ૧૦(૧)(એ)ની વિગતે, ભારતનો નાગરિક ન હોય તેવી વ્યકિતને રાખી શકાશે નહિ.

(xvii) નિયમ ૪ (૧) મુજબ કોઇપણ સિકયુ. ગાર્ડ/સુપરવાઇઝરની ભરતી અથવા રોકવામાં આવે તે અગાઉ એજન્સીએ વ્યકિતના ચારિત્ર ભુતકાળની જાતે ખરાઇ કરીને, અથવા વ્યકિતએ રજુ કરેલ પ્રમાણપત્રો અંગે પ્રમાણપત્ર ઇસ્યુ કરનારનો ઉત્તર મેળવી ખરાઇ કરવાની રહેશે.

(xviii) કોઇ પણ સિકયુરીટી ગાર્ડ/સુપરવાઈઝરને નોકરીએ રાખવા માટે તેમની પાસેથી ફોર્મ-II મુજબની જે અરજી મેળવવાની રહે છે, તે ફોર્મ-II ની એક પ્રત રેકર્ડ અર્થે કન્ટ્રોલિંગ ઓથોરીટી અને પોલીસ કમિશનરશ્રીઓ/પોલીસ અધીક્ષકશ્રીઓને પાઠવવાની રહે છે. તેજ રીતે, ફોર્મ-II આધારે ચારિત્ર્ય અને પૂર્વ ઇતિહાસની ખરાઇના અંતે પરવાનાધારક તરફથી દરેક સિકયુરીટી ગાર્ડ/સુપરવાઇઝરને

543

આપવામાં આવનાર **ફોર્મ-III** મુજબના પ્રમાણપત્રની નકલ પણ રેકર્ડ અર્થે અત્રેની કચેરીને અને પોલીસ કમિશનરશ્રી/પોલીસ અધિક્ષકશ્રી નાઓને પૂરી પાડવાની રહે છે.

(xix) પ્રાયવેટ સિક્યુરીટી એજન્સી તરીકે વ્યવસાય શરૂ કર્યાની તારીખ, રાખેલ સિક્યુરીટી ગાર્ડ અને સુપરવાઈઝરોની સંખ્યા, અને તેઓ દરેકના **ફોર્મ-II** ની એક-એક પ્રત, વ્યવસાય શરૂ થયેથી તરત જ મોકલી આપવાની રહે છે. ભવિષ્યમાં નવા રાખવામાં આવનાર સિક્યુરીટી ગાર્ડ/સુપરવાઈઝર અંગેની માહિતી મોકલતી વખતે સંબંધિતના **ફોર્મ-II** ની પ્રત અને **ફોર્મ-III** ની નકલ પણ સમયસર કન્ટ્રોલિંગ ઓથોરીટી અને સબંધકર્તા પેલીસ કમિશનરશ્રી/પોલીસ અધીક્ષકશ્રીને મોકલવાની રહે છે.

(xx) પ્રાયવેટ સિક્યુરીટી એજન્સીજ (નિયમન) અધિનિયમ, ૨૦૦૫ની કલમ-૧૩ (૧)(જે) અન્વયેના પરિશિષ્ટમાં દર્શાવેલ કાયદાઓ અંગે દિવસ-૬૦ ની અંદર પ્રાથમિક તાલીમ પરવાનાધારકને મેળવી લેવાની રહે છે કે જેથી પ્રાયવેટ સિક્યુરીટી એજન્સીના વ્યવસાયના સંચાલનમાં તે કાયદાકીય જોગવાઇઓનો ભંગ ન થવા પામે. આ અંગે તાલીમ મેળવી લીધેલ હોવા અંગેનું પ્રમાણપત્ર અત્રે અને સંબંધકર્તા પોલીસ કમિશનરશ્રી/પોલીસ અધિક્ષકશ્રીને મોકલી આપવાનું રહે છે.

(xxi) નિયમ ૪ (૧) મુજબનું વેરીફીકેશન ઉપરાંત કર્મચારીઓ (સિક્યુરીટી સ્ટાફ)ની નિમણુંક પરવાનેધારક પોલીસ વેરીફીકેશન સિવાય કરી શકશે નહિ, પોલીસ વેરીફીકેશન પછી કર્મચારીઓની યાદી અત્રેની કચેરી અને જે તે પોલીસ કમિશનરશ્રી/પોલીસ અધિક્ષકશ્રીને રજૂ કર્યા પછી નિમણૂંક કરી શકશે.

(xxii) નિયમ ૩ (૩) મુજબ જે જે જીલ્લાઓમાં એજન્સી કાર્યરત થવા માંગે છે તે દરેક જીલ્લાના પોલીસ કમિશનરશ્રી/પોલીસ અધીક્ષકશ્રીનું ના-વાંધા પ્રમાણપત્ર કન્ટ્રોલિંગ ઓથોરીટીએ મેળવવાના રહેશે.

(xxiii) એકટ અને રૂલ્સની જોગવાઇઓ મુજબ આ સાથે બીડેલ પત્રક મુજબના ટ્રનીંગ સીલેબસ નિયત કરવામાં આવેલ છે જે તાલીમ તમામ સિક્યુરીટી ગાર્ડને આપવામાં આવે છે તે સબંધકર્તા તમામ અમલદારોને જોવાનું રહે છે.

(xxiv) કલમ ૧૫ મુજબના રજીસ્ટરો એજન્સીએ મેઇન્ટેન કરવાના રહેશે.

5ЧS

(xxv) કલમ ૧૬ મુજબ પો.સ.ઇ. કક્ષા સુધીના તમામ પોલીસ અધિકારીશ્રીઓને અધિકૃત કરવામાં આવે છે કે તેઓ તેમના કાર્યક્ષેત્રમાં આવેલ પ્રાયવેટ સિકયુરીટી એજન્સીના પ્રિમાઇસીસમાં પ્રવેશ કરી શકે, નિરીક્ષણ કરી શકે અને તેઓનું રેકર્ડ/એકાઉન્ટ અને બીજા દસ્તાવેજોની ચકાસણી કરી શકે તેમજ તેની નકલો મેળવી શકશે.

(xxvi) નિયમ ૫ (૪) મુજબ પો.સ.ઇ કક્ષા સુધીના તમામ અમલદારોને અધિકૃત કરવામાં આવે છે કે તેઓ પ્રાયવેટ સિકયુરીટી ગાર્ડની ટ્રેનીંગની જગ્યાનું ઇન્સ્પેકશન કરી શકે છે અને તાલીમ અંગેની સુવિધાઓનું નિરીક્ષણ કરી શકશે.

૫. ઉપરોકત જોગવાઇઓનો અમલ થાય છે કે કેમ તે બાબતે જે વિસ્તારમાં એજન્સીની મુખ્ય કચેરી આવેલ છે તે પોલીસ કમિશનરશ્રી/પોલીસ અધીક્ષકશ્રી દર છ માસે જાન્યુઆરી અને જુલાઇ માસમાં અર્ધવાર્ષિક અહેવાલ અત્રેની કચેરીને પાઠવશે જે અહેવાલમાં ઉપરોકત તમામ મુદ્દાઓની તેમજ તાલીમ સિલેબસના તમામ મુદ્દાઓ અંગે મુદ્દાસર ચર્ચા કરશે. કોઇ ફોજદારી પગલાં લીધા હોય કે કોઇ સિક્યુરીટી ગાર્ડ વિરૂધ્ધ ફોજદારી ગુનો દાખલ થયેલ હોય તેની પણ ચર્ચા કરશે. અન્ય જીલ્લાઓ કે જયાં એજન્સી કાર્યરત છે પણ એજન્સીની મુખ્ય કચેરી ત્યાં નથી તેવા જીલ્લાઓના પોલીસ કમિશનરશ્રી/પોલીસ અધીક્ષકશ્રી કોઇ નોંધનીય બાબત બને તો અત્રેની કચેરીને રીપોર્ટ કરશે. જરૂર પડે ફોજદારી પગલાં લઇને લાયસન્સ સસ્પેન્ડ/કેન્સલ કરાવવા માટે રીપોર્ટ જે તે વખતે જ કરવાનો રહેશે જેની નોંધ લેવી.

બિડાણ:- ટ્રેનીંગ સિલેબસ

(સુધીર સિન્હા)
કન્ટ્રોલિંગ ઓથોરીટી અને
અધિક પોલીસ મહાનિદેશક
(કાયદો અને વ્યવસ્થા),
ગુ. રા., ગાંધીનગર
3/5/10

પ્રતિ
- તમામ પોલીસ કમિશનરશ્રીઓ
- તમામ પોલીસ અધીક્ષકશ્રીઓ (વે. રેલવે વડોદરા સહિત)

**નકલ સવિનય રવાના:**

- અધિક પોલીસ મહાનિદેશકશ્રી, સી.આઇ.ડી. (ક્રાઇમ) ગુ. રા., ગાંધીનગર
- અધિક પોલીસ મહાનિદેશકશ્રી, ઇન્ટે., ગુ. રા., ગાંધીનગર
- તમામ રેન્જ વડાશ્રીઓ.

547

## Annexure – II to Private Security Agency

Training Syllabus for security guards/supervisors, as per Rule - 5 of the Gujarat Private Security Agencies Rules - 2007, for 'ex-servicemen/former police personnel' and 'others'

| Sr. No. | Subject | Ex- servicemen & former police personnel | | Others | |
|---|---|---|---|---|---|
| | | Classroom instruction (Hours) | Field training (Hours) | Classroom instruction (Hours) | Field training (Hours) |
| (a) | Conduct in public and correct wearing of uniform. | 1 | 0 | 4 | 0 |
| (b) | Physical fitness training. | 1 | 4 | 2 | 20 |
| (c) | Physical security, security of the assets, security of the building or apartment, personnel security, household security. | 4 | 0 | 8 | 4 |
| (d) | Fire fighting. | 3 | 2 | 6 | 5 |
| (e) | Crowd control. | 2 | 2 | 6 | 5 |
| (f) | Examining identification papers, including identity cards, passports and smart cards. | 2 | 0 | 5 | 3 |
| (g) | Should be able to read and understand English alphabets and Arabic numerals as normally encountered in the identification documents, arms license, travel documents and Security inspection sheet. | 1 | 0 | 4 | 2 |
| (h) | Identification of improvised explosive devices. | 2 | 0 | 6 | 2 |
| (i) | First –aid. | 4 | 2 | 8 | 5 |
| (j) | Crisis response and disaster management. | 5 | 0 | 9 | 0 |
| (k) | Defensive driving ( compulsory for the driver of Armored vehicle and optional for others ). | 1 | 2 | 2 | 4 |
| (l) | Handling and operation of non-prohibited weapons and firearms (optional). | 2 | 2 | 6 | 4 |
| (m) | Rudimentary knowledge of IPC, right to private defense, procedure for lodging first information report in the police station, Arms Act (only operative sections), Explosives Act (operative sections ). | 5 | 0 | 15 | 0 |
| (n) | Badges of rank in police and military forces. | 2 | 0 | 6 | 1 |
| (o) | Identification of different types of Arms in use in public and Police. | 2 | 0 | 6 | 0 |
| (p) | Use of security equipment and devices ( e.g. security alarms and screening equipment). | 3 | 2 | 7 | 5 |
| (q) | Leadership and management (for supervisors only). | 5 | 0 | 8 | 0 |

Note :

- Minimum 40 hours of classroom instruction and 16 hours of field training, spread over at least 7 days, has to be imparted to 'ex servicemen/former police personnel'.
- Minimum 100 hours of classroom instruction and 60 hours of field training, spread over at least 20 days, has to be imparted to 'others'.

( Sudhir Sinha )
Controlling Authority
&
Addl. Director General of Police
( Law & Order ),
Gujarat State, Gandhinagar
22/4/10

Ex- Tapi
11-44

549

ફેક્સ મેસેજ / જીસ્વાન

ક્રમાંક : જી-૧(કા.xવ્ય)/ટે-૧/પીએસએ/૧૦૧૬/૧૦
પોલીસ મહાનિદેશક અને
મુખ્ય પોલીસ અધિકારીની કચેરી, ગુજરાત રાજ્ય,
પોલીસ ભવન, સેકટર-૧૮, ગાંધીનગર
તા. ૬ /૦૫/૨૦૧૦

વિષય :- પ્રાઇવેટ સિકયુરીટી એજન્સી મેળવવા અંગેની અરજીઓ સ્વીકારવા બાબત.

પરિપત્ર :-

ગુજરાત પ્રાઇવેટ સિકયુરીટી એજન્સી (રેગ્યુલેશન) એકટ – ૨૦૦૫ અને પ્રાઇવેટ સિકયુરીટી એજન્સી રૂલ્સ – ૨૦૦૭ મુજબ પ્રાઇવેટ સિકયુરીટી એજન્સીઓને લાયસન્સ આપવામાં હાલમાં એકટની જોગવાઇ મુજબ કંટ્રોલીંગ ઓથોરીટી અધિક પોલીસ મહાનિદેશકશ્રી, (કાયદો અને વ્યવસ્થા) છે, હાલમાં પ્રાઇવેટ સિકયુરીટી એજન્સીને લાયસન્સ આપવા અંગે અરજી અત્રેની કચેરીએ સ્વીકારવામાં આવે છે, ત્યાર બાદ સંબંધિત શહેર/જીલ્લા તરફ અરજીની ચકાસણી કરી અભિપ્રાય માટે મોકલવામાં આવે છે, જેમાં લાયસન્સ આપવાની પ્રક્રિયા લંબાય છે.

હવે પછી પ્રાયવેટ સિકયુરીટી એજન્સીને લાયસન્સ મેળવવા અંગેની અરજી સંબંધિત શહેર/જીલ્લાના પોલીસ કમિશનરશ્રી/પોલીસ અધિક્ષકશ્રી નાઓએ પણ સ્વીકારી શકશે અને પ્રાઇવેટ સિકયુરીટી એજન્સી (રેગ્યુલેશન) એકટ કલમ – ૩(૪) મુજબ સ્વીકારી અરજીમાં જણાવેલ ફોર્મ નં. ૧ અને ૫ ની વિગતો અને તેમાં રજૂ કરેલ દસ્તાવેજોની ચકાસણી કરી સ્પષ્ટ અભિપ્રાય સાથે અત્રેની કચેરીએ મોકલવાની રહેશે.

અરજીઓ સાથે વેરીફીકેશનના નાણાં અને લાયસન્સ ફી એકટ અને નિયમોમાં જણાવ્યા પ્રમાણે લેવાના રહેશે, જે જોગવાઇઓની અત્રેની કચેરીના પરીપત્ર ક્રમાંક : જી-૧(સુ.xવ્ય.)/ટે-૧/પીએસએ/૯૮૩/૧૦, તા.૩-૫-૨૦૧૦ અને પત્ર ક્રમાંક : જી-૧(કા.xવ્ય)/ટે-૧/પીએસએ/૮૭૭/૧૦, તા.૧૬-૪-૧૦ માં જણાવ્યા મુજબ પેટા સદરમાં નાણાં જમા કરાવવાના રહેશે, અને ચલણની નકલ અરજી સાથે મોકલવાની રહેશે.

( સુધીર સિન્હા )
અધિક પોલીસ મહાનિદેશક
(કા.xવ્ય.), અને કંટ્રોલીંગ ઓથોરીટી
ગુજરાત રાજ્ય, ગાંધીનગર
6/5/10

પ્રતિ
તમામ પોલીસ કમિશનરશ્રીઓ, ગુ.રા.,
તમામ પોલીસ અધિક્ષકશ્રીઓ, ગુ.રા., (વે.રે.વડોદરા સહિત)

નકલ રવાના :-
તમામ રેન્જ વડાશ્રીઓ, ગુ.રા.,

571

કંટ્રોલીંગ ઓથોરીટીનું
પરીપત્ર ક્રમાંક ૨/૧૦

ક્રમાંક : જી-૧(કા.xવ્ય)/ટે.૧/પીએસએ/૧૨૩/૧૦
પોલીસ મહાનિદેશક અને
મુખ્ય પોલીસ અધિકારીની કચેરી, ગુજરાત રાજય,
પોલીસ ભવન, સેકટર-૧૮, ગાંધીનગર -૩૮૨૦૧૮.
તા.૦૪/૦૬/૨૦૧૦.

વિષયઃ - પ્રાઇવેટ સિકયુરીટી એજન્સીઓની આંકડાકીય માહિતીનુ માસિક પત્રક મોકલવા બાબત.

ગુજરાત પ્રાઇવેટ સિકયુરીટી એજન્સી (રેગ્યુલેશન એકટ) ૨૦૦૫ અને પ્રાઇવેટ સિકયુરીટી એજન્સી રૂલ્સ ૨૦૦૭ ની જોગવાઇઓ મુજબ અત્રેની કચેરીના પત્ર ક્રમાંકઃજી-૧(કા.વ્ય)/ટે.-૧/પી.એસ.એ./૧૦૧૨/૧૦ તા.૬/૫/૧૦ થી આપના શહેર/જીલ્લા સ્તરે નવી અરજીઓ સ્વીકારવા જણાવવામાં આવેલ. તે અંગે વધુમાં જણાવવાનું કે પ્રાઇવેટ સીકયુરીટી એજન્સી (રેગ્યુલેશન) એકટ કલમ ૨૦૦૫ ની કલમ ૭ (૧) મુજબ નિયત નમૂનાનાં ફોર્મ, ૭ (૨) મુજબ એફિડેવિટ તેમજ ૭ (૩) (એ) (બી) (સી) મુજબ એક જીલ્લા માટે રૂ.૫૦૦૦/- એકથી વધારે ૫ જીલ્લા સુધી રૂ.૧૦,૦૦૦/- તથા ૫ જીલ્લાથી વધારે અને સમગ્ર રાજયમાટે રૂ. ૨૫,૦૦૦/- નિયત કરેલ ફી લેવાની રહેશે.

ખાસ સૂચના કરવામાં આવે છે કે, (૧) ડીમાન્ડ ડ્રાફટ અત્રેની કચેરીને મોકલવામાં વિલંબ થાય છે. જેથી હવેથી પરવાનેધારક જયારે જીલ્લા/શહેરમાં ડીમાન્ડ ડ્રાફટ જમા કરાવે તે અસલ ડીમાન્ડ ડ્રાફટ અત્રેની કચેરીને દર મહીને મોકલી આપવા સૂચના છે. તેની ઝેરોક્ષ નકલ અરજી ભલામણ રીપોર્ટ સાથે મોકલી આપવાની રહેશે. અથવા (૨) જયારે પરવાનેધારક ડીમાન્ડ ડ્રાફટ કઢાવ્યા વગર સરકારશ્રીએ ખોલેલા નવા સદરમાં નાણાં જમા કરાવે તો અસલ બેન્ક ચલણ અત્રે મોકલી આપવા સુચના છે. જયારે તેની ઝેરોક્ષ નકલ અરજી ભલામણ રીપોર્ટ સાથે મોકલી આપવાની રહેશે. નવુ સદર નીચે મુજબ છે.

હિસાબનું સદર :-

મુખ્ય સદર :- **0055 POLICE**

ગૌણ સદર :- **103-Fees,Fine and Fortetures**

પેટા સદર :- **03- Receipts under Private Security Agencies Rules**

571

પરવાને ધારકના પોલીસ વેરીફીકેશન માટે પ્રાઇવેટ સિક્યુરીટી એજન્સી રૂલ્સ ૨૦૦૭ ની કલમ ૪ (૪) મુજબ રૂ.૫૦૦/- લેખે ફી લેવાની રહેશે. ગાર્ડ /સુપરવાઇઝરના વેરીફીકેશન માટે રૂ.૧૦૦/- લેખે ફી લેવાની રહેશે. જે પણ ઉપર મુજબ બેંકમાં જમા કરાવવા.

હવેથી આ સાથે નિયત કરેલ નમૂના મુજબનું પત્રક દરમાસની ૧૫ તારીખ સુધીમાં અત્રે મળી જાય તે રીતે મોકલી આપવું.તેમજ અત્રેની કચેરીના પરીપત્ર ક્રમાંકઃજી-૧/સુxવ્ય/ટે.૧/પીએસએ/૯૮૩/૧૦ તા.૩/૫/૧૦ થી મોકલેલ પરીપત્રને કંટ્રોલીંગ ઓથોરીટીનું પરીપત્ર ક્રમાંકઃ૧/૧૦ તરીકે ગણવા વિનંતી છે.

બિડાણ :- પત્રક - ૧, ૨ ના પ્રફોર્મા અને ચલણના નમૂના.

( સુધીર સિન્હા )
કંટ્રોલીંગ ઓથોરીટી અને
અધિક પોલીસ મહાનિદેશક
(કાયદો અને વ્યવસ્થા)
ગુ.રા., ગાંધીનગર.
3/6/10

પ્રતિ,

તમામ પોલીસ કમિશ્નરશ્રીઓ.
તમામ પોલીસ અધિક્ષકશ્રીઓ.

જાણસારૂ :- તમામ રેન્જ વડાશ્રીઓ

14/5/04

Ex Tapi & LID

575

પોલીસ કમિશ્નરશ્રી/પો.અધિ.શ્રીની કચેરી
ક્રમાંક :
તા. / /૨૦૧૦

પ્રતિ,
અધિક પોલીસ મહાનિદેશક (કા.xવ્ય.)
અને
કંટ્રોલીંગ ઓથોરીટી.
પોલીસ મહાનિદેશકશ્રીની કચેરી,
પોલીસ ભવન, ગુ.રા. ગાંધીનગર.

**વિષયઃ** - પ્રાઇવેટ સિક્યુરીટી એજન્સીઓની આંકડાકીય માહિતીનું માસિક પત્રક મોકલવા બાબત.

**હવાલો** :- આપશ્રીની કચેરીના પરીપત્ર ક્રમાંકઃ ૨/૧૦ જા.નં. જી-૧(કાxવ્ય)/ટે.-૧ /પી.એસ.એ./ /૧૦ તા. /૦૬/૨૦૧૦.

## પત્રક -૧

| ક્રમ | જીલ્લા/શહેરના લાયસન્સ ધારકોની સંખ્યા | પોલીસ મહાનિદેશકશ્રી ની કચેરી તરફથી ચકાસણી અર્થે આવેલ અરજીઓની સંખ્યા | અત્રેની કચેરીમાં બારોબાર મળેલી અરજીઓની સંખ્યા | કોલમ ૩ અને ૪ માંથી પોલીસ મહાનિદેશકશ્રીની કચેરીને રીપોર્ટ સાથે મોકલેલી અરજીઓની સંખ્યા | અભિપ્રાય મોકલવા ઉપર બાકી અરજીઓની સંખ્યા | રીમાર્કસ |
|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ |
| | | | | | | |

## પત્રક - ૨

| ક્રમ | જિલ્લા/શહેર માં કાર્યરત પરવાનેધારક એજન્સીઓની સંખ્યા | કેટલી એજન્સીઓએ કર્મચારીઓની યાદી રજુ કરેલ છે. | પ્રાઇવેટ સીક્યુરીટી એજન્સી વિરૂધ્ધ દાખલ કરેલ ગુના કે અન્ય ગેરવર્તણુંકની વિગત. | માસ દરમ્યાન પ્રાઇવેટ સીક્યુરીટી એજન્સીના અધિકારી ગાર્ડ/ સુપરવાઇઝર વિરૂધ્ધ દાખલ થયેલ ગુનાની વિગત | તમામ એજન્સીઓમાં નિમણૂક પામેલ ગાર્ડ/સુપરવાઇઝરની કુલ સંખ્યા | કોલમ ૬ મુજબ કેટલાના પોલીસ વેરીફીકેશન સંપુર્ણ થયેલ છે ? | કોલમ ૬ મુજબ કેટલા માણસો તાલીમનો અભ્યાસ ક્રમ મુજબની તાલીમ પૂર્ણ કરેલ છે. | કોલમ ૬ મુજબ કેટલા માણસોને ફોટો આઇકાર્ડ ઇસ્યુ થયેલ છે. | રીમાર્કસ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ |
| | | | | | | | | | |

સહી/-
પોલીસ કમિશ્નરશ્રી/પો.અધિ.શ્રીની કચેરી

ચલણ નં. /૧૦-૧૧ Tel No.

Rjt., std-977 8-2004 25,00,000 PAS
Memo No. TJR/1088/178/Z., Dt. 15-7-88
.. O. Form No. 6 Vide BTR-112

577

Try. 8 g. (Revised)

ખાતેની તિજોરી/પેટા-તિજોરી/સ્ટેટ/ રિઝર્વ બેન્ક ઓફ ઇન્ડિયામાં ભરેલી રોકડ રકમનું ચલણ

| નાણાં મોકલનારે ભરવાનું | | ખાતાના અમલદારે કે તિજોરીએ ભરવાનું |
|---|---|---|
| જેના તરફથી નાણાં ભરવામાં આવ્યા હોય તે વ્યક્તિનુ નામ (અથવા હોદો અને સરનામું | | હિસાબનુંસદરઃ<br>મુખ્ય સદરઃ 0055 POLICE<br>ગૌણ સદરઃ103-Fees,Fine and Fortetures<br>પેટા સદરઃ 03-Receipts under Private Security Agencies Rules. |

| *મોકલેલા ભરણાની પૂરેપૂરી વિગત અને તે અંગેના હુકમ(કોઇહોયતો) | રકમ | મંજૂર કરનાર અધિકારીની સહી. |
|---|---|---|
| પ્રાસિકયુ.એજન્સીએકટ-૨૦૦૫વેરીફીકેશન/લાયસન્સફી | | હોદોઃ |
| | | તારીખઃ |
| (સહી) કુલઃ- | | નાણાં ભરવાનો હુકમ કરનાર અધિકારીની |
| (શબ્દોમાં)રૂપિયા | | સહી તથા પૂરેપૂરો હોદો |

રૂ. પૈ. મળયા તારીખઃ
(શબ્દોમાં)
ખજાનચી હિસાબનીશ તિજોરી અધિકારી/ એજન્ટ,

Agencies Rules

પરીપત્ર-૩

579

વાન

ક્રમાંક : જી-૧(ક્રાઇમ)/ટે.-૧/ ૧૨૨૪ /૧૦
પોલીસ મહાનિદેશક અને
મુખ્ય પોલીસ અધિકારીની કચેરી, ગુજરાત રાજ્ય,
પોલીસ ભવન, સેક્ટર-૧૮, ગાંધીનગર -૩૮૨૦૧૮.
તા. ૦૫/૦૬/૨૦૧૦.

વિષયઃ - પ્રાઇવેટ સિક્યુરીટી એજન્સીના લાયસન્સ બાબત.

(૧) પ્રાયવેટ સીક્યુરીટી એજન્સી રુલ્સ ૩ (૩) મુજબ જે શહેર/જીલ્લાના પોલીસ અભીપ્રાય પોઝીટીવ આવે તે શહેર/જીલ્લા માટે લાયસન્સ આપી શકાય છે. જે તે શહેર/જીલ્લાના અભિપ્રાય આ નિયમથી અનિવાર્ય બનેલ છે

(૨) કન્ટ્રોલીંગ ઓથોરીટી ના પરિપત્ર - ૨ મુજબ આપની કક્ષાએ જે અરજીઓ સ્વીકારવા જણાવામા આવેલ છે તે મુજબ હવે પછીથી તમામ શહેર/જીલ્લાને જણાવાનું કે પરવાનેધારક પાસેથી વધુમાં વધુ પાંચ જીલ્લા પુરતા લાયસન્સ માટે ની અરજી સ્વીકારવી.

(૩) પાંચ જીલ્લાથી વધુ અને સમગ્ર રાજ્ય માટે લાયસન્સ આપતા પહેલા, પરવાને ધારકની કામગીરીની સમીક્ષા બે વર્ષ માટે કન્ટ્રોલીંગ ઓથોરીટી દ્વારા કરવામા આવશે અને કામગીરી સંતોષકારક જણાશે તો, પછીથી સમગ્ર રાજ્ય માટે લાયસન્સ આપવામા આવશે.

(૪) પાંચ જીલ્લા માટે લાયસન્સ લેવા માંગતા પરવાને ધારકે આપને આપેલ તમામ ડોક્યુમેન્ટ ની ઝેરોક્ષ નકલ સંલગ્ન બાકીના ચારેય જીલ્લાને અભીપ્રાય માટે મોકલી આપશો

( સુધીર સિન્હા )
કંટ્રોલીંગ ઓથોરીટી અને
અધિક પોલીસ મહાનિદેશક
ગુ.રા., ગાંધીનગર.

5/6/10

પ્રતિ,
તમામ પોલીસ કમિશ્નરશ્રીઓ.
તમામ પોલીસ અધિક્ષકશ્રીઓ.
જાણસારૂ :- તમામ રેન્જ વડાશ્રીઓ



Ex Tass, Bonds & ED

584

**જીસ્વાન**

કંટ્રોલીંગ ઓથોરીટીનું
પરીપત્ર ક્રમાંક ૪/૧૦

ક્રમાંક : જી-૧(કા.xવ્ય)/ટે.૧/પીએસએ/ ૨૫૧૬ /૧૦
પોલીસ મહાનિદેશક અને
મુખ્ય પોલીસ અધિકારીની કચેરી, ગુજરાત રાજય,
પોલીસ ભવન, સેકટર-૧૮, ગાંધીનગર -૩૮૨૦૧૮.
તા.૧૩/૦૭/૨૦૧૦.

પ્રાઇવેટ સીકયુરીટી એજન્સી અન્વયે અગાઉ સમગ્ર રાજય માટે પરવાના આપવામાં આવતા હતા. માત્ર એક શહેર/જીલ્લાના પોલીસ કમિશ્નરશ્રી/ અધિક્ષકશ્રીના અભિપ્રાય આધારે સમગ્ર રાજય માટે લાયસન્સ અપાયા છે.

The Gujarat Private Security Agencies Rules-2007, Section- 3(3) નીચે મુજબ છે.

"The Controlling Authority **shall** obtain a No Objection Certificate from the District Superintendent of Police of the **concerned district** where the Agency intends to commence its activities."

આમ ઉપરોકત નિયમનો સાર જોતાં , અરજદારને લાયસન્સ આપવા માટે , સંબંધકર્તા શહેર/જીલ્લાના પોલીસ વડાનો અભિપ્રાય અનિવાર્ય છે. એક શહેર/જીલ્લાના પોલીસ વડાના અભિપ્રાય આધારે સમગ્ર રાજય માટે લાયસન્સ આપી ન શકાય.

હાલમાં કંટ્રોલીંગ ઓથોરીટીએ લીધેલ નિર્ણય મુજબ કોઇપણ પ્રાઇવેટ સીકયુરીટી એજન્સીને વધુમાં વધુ ૫ જીલ્લા માટે લાયસન્સ અપાશે. ૫ વર્ષની કામગીરી ની સમીક્ષા થયા બાદ સમગ્ર રાજય માટે લાયસન્સ આપવા વિચારણા કરવામાં આવશે.

હવે પછી નવા અરજદારની અરજી સમગ્ર રાજય માટેની ન લેવા પણ વધુમાં વધુ પાંચ જીલ્લા માટેની જ અરજી સ્વીકારવા જણાવવામાં આવે છે.

( સુધીર સિન્હા )
કંટ્રોલીંગ ઓથોરીટી અને
અધિક પોલીસ મહાનિદેશક
(કાxવ્ય.) ગુ.રા., ગાંધીનગર.
13/7/10

પ્રતિ,

તમામ પોલીસ કમિશ્નરશ્રીઓ.
તમામ પોલીસ અધિક્ષકશ્રીઓ.

જાણસારૂ :- તમામ રેન્જ વડાશ્રીઓ

O/C

13/7/10, 1845 hrs Ex. Tapi, Dahod & L/D

જીસ્વાન

કંટ્રોલીંગ ઓથોરીટીનું
પરીપત્ર ક્રમાંક ૫/૧૦

ક્રમાંક : જી-૧(કા.xવ્ય)/ટે.૧/પીએસએ/ /૧૦
પોલીસ મહાનિદેશક અને
મુખ્ય પોલીસ અધિકારીની કચેરી, ગુજરાત રાજ્ય,
પોલીસ ભવન, સેકટર-૧૮, ગાંધીનગર -૩૮૨૦૧૮.
તા.૨૯/૦૭/૨૦૧૦.

**વિષયઃ** - પ્રાઇવેટ સિકયુરીટી એજન્સીનું લાયસન્સ માટે સ્વયં સ્પષ્ટ અભિપ્રાય ફકત એકજ શહેર/જીલ્લા પુરતા આપવા બાબત.

હથિયાર લાયસન્સ માટે અરજદારને પોતાના એકના સ્વરક્ષણ માટે લાયસન્સ આપવામાં આવે છે.જયારે પ્રાઇવેટ સિકયુરીટી એજન્સી અન્વયે લાયસન્સ અરજદારને સમાજના રક્ષણ માટે આપવામાં આવે છે. પરવાનેધારક ગાર્ડની ભરતી કરે છે અને તેમની પ્રાઇવેટ સિકયુરીટી એજન્સીમાં ૧૦૦ થી ૧૦૦૦ સુધીના ગાર્ડ હોય છે. જે ગાર્ડને રક્ષણની સત્તાઓ અને ફરજો મળે છે. આમ, હથીયાર લાયસન્સ કરતા, પ્રાઇવેટ સિકયુરીટી એજન્સી અન્વયે આપવામાં આવતા લાયસન્સની અગત્યતા,ગંભીરતા વધારે છે જેથી નીચે મુજબની સુચનાઓની અમલવારી કરવી.

(૧) ગુજરાત પ્રાઇવેટ સિકયુરીટી એજન્સી - ૨૦૦૭ રૂલ્સ ૩ (૩) મુજબ સબંધીત શહેર/જીલ્લાના પોલીસ વડાનો અભિપ્રાય અનિવાર્ય છે. સબંધિત શહેર/જીલ્લા પોલીસ વડાએ ફકત પોતાના શહેર/જીલ્લા પુરતો જ અભિપ્રાય આપવાનો થાય છે જેનું અમલ કરવું.

(૨) અરજદારને પ્રાઇવેટ સિકયુરીટી એજન્સી અન્વયે લાયસન્સ આપવા માટે શહેર/જીલ્લા તરફથી આવતી અસલ અરજી કંટ્રોલીંગ ઓથોરીટીને અભિપ્રાય સાથે મોકલવામાં આવે છે. જેમાં અભિપ્રાય પત્ર ઉપર શહેર/જીલ્લાના પોલીસ વડા અને રેન્જ વડા હવે બિનચૂક પોતાની સહીમાં અભિપ્રાય મોકલશે.

( સુધીર સિન્હા )
કન્ટ્રોલીંગ ઓથોરીટી અને
અધિક પોલીસ મહાનિર્દેશક
(કાxવ્ય.), ગુ.રા.ગાંધીનગર.
28/7/10

પ્રતિ,
તમામ પોલીસ કમિશ્નરશ્રી.
તમામ રેન્જ વડાશ્રી.
તમામ પોલીસ અધિક્ષકશ્રી.
નકલ રવાના :- જીસ્વાન કન્ટ્રોલ - વેબ સાઇટ ઉપર પરીપત્ર મૂકવા અર્થે.